ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

# સાબરકાંઠા - અરવલ્લી

તા. ૩૦-૮-૨૦૨૧, સોમવાર



# આજે કૃષ્ણ જન્મોત્સવ : જિલ્લામાં કાનુડાની બર્થ-ડે ની ઉજવણી માટે ભક્તોમાં થનગનાટ

## શામળાજી, ખેડબ્રહ્મામાં મંદિરો શણગારાયાં, કોરોનાના કારણે ઉજવણી સાદગીપૂર્વક



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯

જન્માષ્ટમીનું પર્વ આવતાં જ જિલ્લાના બજારોમાં રોનક જોવા મળી છે. આજે સોમવારે ભગવાન કૃષ્ણના જન્મોત્સવને વધાવા માટે માંડી રાત્રે દેવ મંદિરોમાં ભક્તજનો ઉમટશે. કોરોનાના કારણે માત્ર ૨૦૦ લોકોને તબક્કવાર પ્રવેશવા માટે છૂટ આપવામાં આવી છે. સાબરકાંઠા, અરવલ્લીમાં કાનુડાની બર્થ-ડે ભવ્ય રીતે ઉજવવા માટે વિવિધ મહિલા મંડળો તથા કૃષ્ણોત્સવના આયોજકો દ્વારા તૈયારીઓ પૂરી કરવામાં આવી છે. શામળાજી વિષ્ણુ મંદિર સહિત સ્વામિનારાયણ મંદિરો તેમજ અન્ય કૃષ્ણ મંદિરોમાં કૃષ્ણ જન્મોત્સવને લઈને અનેરો આનંદ જોવા મળી રહ્યો છે. જ્યારે યોગેશ્વર પરિવાર દ્વારા શેરી નાટક તેમજ મટકી ફોડ સહિતના કાર્યક્રમ સાદગીપૂર્વક યોજશે.

ભગવાન કૃષ્ણથી મોટા કોઈ રાજનીતિજ્ઞ નથી. સમય પસાર થાય તેમ ભગવાન કૃષ્ણની મુસદ્દીગીરી, રાજકીય કુનેહ હવે યુવાઓને આકર્ષી રહી છે. કૃષ્ણ જન્મોત્સવને લઈને જિલ્લાના પોશીના થી સાઠંબા સુધીના પટ્ટામાં ભવ્ય જન્મોત્સવ માટે તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. કૃષ્ણ જન્મોત્સવને લઈને પંજરીનો પ્રસાદ તૈયાર કરાયો છે. આજે રાત્રે બરાબર ૧૨-૦૦ ના ટકોરે કાનુડાના બર્થ-ડે ની ઉજવણી કરાશે જેને લઈને કેટલીક સોસાયટીઓમાં ભજન મંડળો દ્વારા કૃષ્ણ જન્મોત્સવ પ્રસંગે ધાર્મિક કાર્યક્રમો આયોજીત કરાયા છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોનાનો કહેર ફરી વળતાં કૃષ્ણ જન્મોત્સવ દરમ્યાન એકત્રિત થનારી જનમેદનીના આરોગ્ય બાબતે વહીવટી તંત્ર ચિંતિત બન્યું છે. શામળાજી મંદિરમાં આજે રાત્રે કૃષ્ણ જન્મોત્સવને લઈને કૃષ્ણ ભક્તો ઉપસ્થિત રહેશે. કોરોનાના કારણે શામળાજી મંદિરમાં શોભાયાત્રા, મટકી ફોડ વગેરે કાર્યક્રમો રદ કરવામાં આવ્યા છે.



# સાબરકાંઠા, અરવલ્લીના કચ્છ પાટીદાર સમાજના કંપાઓમાં સાતમ-આઠમની રંગતભેર ઉજવણી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯

સાતમ-આઠમના પર્વની સૌરાષ્ટ્રની જેમ કચ્છી પાટીદાર સમાજના કંપાઓમાં પણ અનોખી રીતે ઉજવણી થાય છે. સાતમ-આઠમના તહેવાર આવતાં વતનથી દૂર રહેતા અનેક પાટીદારો કોરોનાનું સંક્રમણ ભૂલી વતનમાં આવ્યા છે જેના કારણે સિમિત વસતી ધરાવતા કચ્છી પાટીદાર કંપાઓ વધુ જીવંત બન્યા છે. સાતમ અને આઠમના દિવસે રાસની રમઝટ ઢોલના તાલે જામી રહી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર જિલ્લાના બાયડથી પોશીના સુધીના વિસ્તારમાં આવેલા કચ્છી પાટીદાર સમાજના કંપાઓમાં કોરોના ગાઈડલાઈનના સંપૂર્ણ પાલન સાથે જન્માષ્ટમી પર્વની ઉજવણી શરૂ થઈ છે. વતન છોડીને કમાવવા માટે રાજસ્થાન, દિલ્હી, બિહાર, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, પશ્ચિમબંગાળ, ઉત્તરાખંડ ગયેલા અનેક કચ્છી પાટીદારો ગત વર્ષે કોરોનાના કારણે રાજ્યની સરહદો સીલ હોવાથી આવી શક્યા ન હતા. આ વર્ષે સંક્રમણ ઘટ્યું છે જેથી વતનમાં આવી પહોંચ્યા છે. છેલ્લા ૨ દિવસથી ગામડાઓમાં બપોર થતાં જ દેશી ઢોલના તાલે ચોકમાં રાસની રમઝટ જામે છે.



**સાતમ આઠમના દિવસે જામે છે રાસની રમઝટ**

કચ્છી પાટીદાર સમાજમાં સાતમ-આઠમનું અનોખું મહત્વ રહ્યું છે. સમાજ દ્વારા વાસુદેવ, દેવકી અને બજરંગ બલીની મૂર્તિઓ પણ બનાવવામાં આવે છે. જે વધારે ચઢાવો બોલાવે તેના ઘરે મૂર્તિનું સ્થાપન થાય છે. સમાજ દ્વારા દિવાળી પહેલાં જે દિકરીનાં લગ્ન થયાં હોય તે સાતમ-આઠમની ઉજવણી કરવા માવતર આવે છે અને ગોયાંણી બને છે. આજે જન્માષ્ટમીનો તહેવાર છે જેથી સવારથી જ કચ્છી પાટીદાર કંપાઓમાં કૃષ્ણ જન્મોત્સવ પર્વની આસ્થા સાથે ઉજવણી થશે અને રાત્રે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરશે. કેટલાક કચ્છી પાટીદાર કંપાઓમાં યુવાનોએ એકપાત્રિય અભિનય અને નાટકનું પણ આયોજન કર્યું છે. કૃષ્ણ જન્મોત્સવ સંપન્ન થયા પછી ભગવાન કૃષ્ણને ઝૂલાવી પંજરી તેમજ લાડુના પ્રસાદનું વિતરણ કરાશે. ગમે તેવા તણાવમાં પણ પ્રફુલ્લિત જીવન કેમ જીવવું તેની કળા શીખવી હોય તો કચ્છી પાટીદાર સમાજમાં સૌથી શ્રેષ્ઠ ઉદાહરણ છે.

# જિલ્લામાં ચિકનગુનિયાનો વકરતો રોગચાળો, ૬૦૦ થી વધુ શંકાસ્પદ કેસ

### બાયડ, ધનસુરા, મોડાસા, હિંમતનગર પંથકમાં પીડાદાયક રોગ ડોકાયો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯

જિલ્લામાં અનિયમિત ચોમાસાએ ચિંતામાં વધારો કર્યો છે. હવે રોગચાળો વકરતાં પ્રજાને આર્થિક રીતે પાયમાલ થવું પડે તેવી નોબત આવી છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ચિકન ગુનિયાનો રોગચાળો વકરી રહ્યો છે. ૬૦૦ થી વધુ શંકાસ્પદ કેસ છે. કેટલાક તાલુકાઓમાં પીડાદાયક રોગ ડોકાતાં પ્રજામાં ફફડાટ પેઠો છે.

મચ્છરજન્ય રોગચાળાએ માથું ઉંચક્યું તેની પાછળ આરોગ્ય વિભાગે માત્ર કોરોના ઉપર લક્ષ આપતાં અન્ય રોગચાળા દિવસે..દિવસે વધુ બેકાબુ બનતા હોવાના આરોપ લાગ્યા છે. જિલ્લામાં મચ્છરજન્ય રોગચાળાએ રીતસરનો કેર વર્તાવ્યો છે પરંતુ આરોગ્ય તંત્ર કોરોનાના દર્દીઓની જેમ મચ્છરજન્ય રોગચાળા ઉપર ઢાંકપીછોડ શરૂ કરી દીધો છે. આગામી દિવસોમાં મચ્છરજન્ય રોગચાળો હાહાકાર મચાવે તેવી દહેશત સંપૂર્ણપણે વ્યક્ત થઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર જિલ્લાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં ફરી એકવાર ચિકનગુનિયાના રોગચાળાએ દેખા દીધી છે. દોઢ મહિના પહેલાં બાયડ તાલુકાના લીંબ-ઉંટરડા પંથકમાં ચિકનગુનિયાના પોઝિટિવ કેસ નોંધાયા હતા અને હવે આ રોગચાળાએ અનેક તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં દેખા દીધી છે. એક પછી એક પરિવારના સભ્યો પણ ચિકનગુનિયાના રોગમાં સપડાઈ રહ્યા છે તે જોતાં રોગ વધુ ચેપગ્રસ્ત બનતો હોવાનું પ્રાથમિક તારણ છે. ચિકનગુનિયાના દર્દીઓને પેઈનકીલર તથા ટેટ્રાસાયક્લિન દવાઓનો ઉપયોગ કરવાનો હોય છે પરંતુ ક્યાંક વધારે પડતી એન્ટીબાયોટીક આપવાથી આવા દર્દીઓની કીડનીને ગંભીર અસર થવાની દહેશત સેવાય છે. ખાનગી ડૉક્ટરોનો અભિપ્રાય મેળવીએ તો જિલ્લામાં ચિકનગુનિયાનો રોગ વધુ વકર્યો હોવાનું જણાવી રહ્યા છે. ચિકનગુનિયા પછી શંકાસ્પદ ડેન્ગ્યુના કેસમાં ધરખમ ઉછાળો આવ્યો છે અને આ રોગ ઉપર અંકુશ મેળવવા આરોગ્ય વિભાગ તકેદારીનાં પગલાં નહીં ભરે તો ડેન્ગ્યુની મહામારી મુશ્કેલ પેદા કરી શકે છે તેમ જણાવ્યું છે.

# શામળાજીના ગોઢકુલ્લામાં ભેદી બ્લાસ્ટ, મૃત્યુ આંક બે ઉપર પહોંચ્યો

### તિવ્ર ધડાકાની ૩ કી.મી. વિસ્તારમાં અસર, પોલીસ અને સુરક્ષા એજન્સીઓ દોડી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯

ભિલોડા તાલુકાના શામળાજી નજીકના ગોઢકુલ્લામાં ગત રોજ ભેદી બ્લાસ્ટથી ૧નું મોત નિપજ્યું હતું. જ્યારે સારવાર દરમ્યાન દોઢ વર્ષની બાળકીનું મોત નિપજતાં બ્લાસ્ટમાં મૃત્યુ આંક-૨ ઉપર પહોંચ્યો છે. જ્યારે અન્ય પરિવારના ૨ સભ્યો ઘાયલ થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. બ્લાસ્ટનો બનાવ સમગ્ર ઉત્તર ગુજરાતમાં ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. તિવ્ર ધડાકાની ૩ કી.મી. વિસ્તારમાં અસર જોવા મળી. ધડાકો થયો તે પદાર્થમાં શેનો ઉપયોગ થયો હતો..?? તેની ભાળ મેળવવા પોલીસ અને સુરક્ષા એજન્સીઓ દોડી પહોંચી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર શામળાજી પંથકમાં અનેક પ્રકારની ગેરકાયદે પ્રવૃત્તિઓ ધમધમી રહી છે. ગેરકાયદે હથિયારોની હેરાફેરીએ આ વિસ્તારની પોલીસની ઉંઘ હરામ કરી દીધી છે ત્યારે શનિવારે બપોરે ગોઢકુલ્લા ગામના રમેશ ફણેજાના મકાન પાસે પ્રચંડ બ્લાસ્ટ થતાં મૃતકના શરીરના ફૂરચા ઉડ્યા હતા.

જ્યારે ૩ જણ ઘાયલ થવાની સાથે મરઘાં અને બકરીનું મોત નિપજ્યાનું બહાર આવ્યું છે. આતંકવાદીઓ દ્વારા કરાતા ધડાકા જેવો જ પ્રચંડ વિસ્ફોટ થયો હોવાથી સ્વાભાવિક છે કે પોલીસ અને સુરક્ષા એજન્સીઓની ઉંઘ હરામ થઈ ગઈ હોય પરંતુ સવાલ એ છે કે ફણેજાના પરિવાર સુધી બ્લાસ્ટ થયો તે પદાર્થ પહોંચ્યો કેવી રીતે..?? અત્યારે તો પોલીસે ઘાયલોને સમયસરની સારવાર મળે અને સ્વસ્થ થઈ જાય તેવા પ્રયાસો કર્યા છે પરંતુ જિલ્લાના ઈતિહાસમાં પ્રચંડ ભેદી બ્લાસ્ટે જિલ્લાની બોદી સરહદો ઉપર અનેક સવાલ ઉભા કર્યા છે.



અગાઉના વર્ષોમાં આજ વિસ્તારમાંથી બ્લાસ્ટમાં ઉપયોગમાં લેવાતા એમોનિયમ નાઈટ્રેટ ભરેલી અનેક ટ્રકો ગાયબ થઈ જતાં દેશની સુરક્ષા એજન્સીઓ સતર્ક બની ગઈ હતી અને તે વખતે એમોનિયમ નાઈટ્રેટનો વિસ્ફોટક જથ્થો જો આતંકવાદીઓના હાથમાં આવી જાય તો શું થાત..?? તેવી ચર્ચાઓ પણ લાંબા સમય સુધી ચાલી હતી. ગોઢકુલ્લા ગામમાં ભેદી બ્લાસ્ટને રાજ્ય સરકારના ગૃહ વિભાગ અને સુરક્ષા એજન્સીઓએ હળવાશથી લેવાની જરૂર નથી. સંભવ છે કે ઝીણવટ ભરી તપાસ દરમ્યાન બ્લાસ્ટ થયો છે તેવા અનેક પદાર્થો મળી શકે.

## માછલી મારવાનો ડીટોનેટર બ્લાસ્ટ થયાની આશંકા

જિલ્લાની ચકોર પોલીસની આંખો આગળ મોંડી રાત્રિથી વહેલી પરોઢ સુધી ગેરકાયદે બ્લાસ્ટમાં લેવાતી ડીટોનેટર, કેપ અને વિસ્ફોટક એમોનિયમ નાઈટ્રેટની હેરાફેરી ભયજનક રીતે વધી છે. કેટલાક વિસ્તારોમાં સપ્લાયરો પણ ખાખી વર્દી સાથે ભળી જઈને બ્લાસ્ટ માટેની સામગ્રી અન્ય લોકોને આપી રહ્યા છે. પાછલા ૨ વર્ષમાં એસ.ઓ.જી. અને સ્થાનિક પોલીસે પણ વિસ્ફોટક સામગ્રી વેચનારાના ત્યાં તપાસ કરવાનું માંડવાડ કર્યું છે ત્યારે ગત રોજ ગોઢકુલ્લા ગામના ફણેજા પરિવારના ઘરે બ્લાસ્ટ થયો તેમાં માછલી મારવા માટે જે ડીટોનેટરનો ઉપયોગ થાય છે તે ડીટોનેટર કોઈ ઘરે લાવ્યું હોય અને પછી બ્લાસ્ટ થયો હોય તેવી મજબૂત આશંકા છે પરંતુ પોલીસ આ દીશામાં કેટલી આગળ વધે છે તે તપાસ દરમ્યાન બહાર આવશે.

# બનાસકાંઠા એસઓજી પોલીસે થરાદના ડુવા ગામેથી બનાવટી નોટોનું નેટવર્ક ઝડપ્યું

### પોલીસે બે શખ્સોની અટકાયત કરી રૂ.૨૦૦ના દરની ૯૪૦ નંગ નોટો રૂ.૧,૮૮,૦૦૦ તેમજ અન્ય રૂ.૨૦,૧૨૦નો મુદ્દામાલ ઝડપી ત્રણ શખ્સો સામે ગુનો નોંધ્યો

બનાસકાંઠા એસઓજી પોલીસે ગુરૂવારના રોજ થરાદ તાલુકાના ડુવા ગામેથી બનાવટી નોટોનું નેટવર્ક ઝડપી લીધુ છે.અને બે શખ્સોની અટકાયત કરી ત્રણ શખ્સો સામે ગુનોનોંધી ભારતીય ચલણની ૨૦૦ ના દરની ૯૪૦ નંગ બનાવટી નોટો રૂ.૧,૮૮,૦૦૦ તેમજ અન્ય રૂ.૨૦,૧૨૦નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવતા ગુનેગારોમાં ફફડાટ પ્રસરી ગયો છે.

બનાસકાંઠામાં બનાવટી નોટોનું નેટવર્ક ચલાવવામાં આવતુ હોવાની પોલીસને બાતમી મળી હતી.જેના પગલે બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા તરૂણકુમાર દુગ્ગલની સુચના આધારે એસ.ઓ.જી પી.આઈ ડી.આર.ગઢવી સ્ટાફના સિકનંદખાન, વિષ્ણુજી, ગિરીશભારથી, વનરાજસિંહ દિલીપભાઈ, પરસોતમભાઈ, નરભેરામ, અલ્પેશજી, દલપતસિંહ, મનજીભાઈ તેમજ એલ.સી.બીના ભરતભાઈ, ઓખાભાઈ, પ્રકાશભાઈ, અશોકભાઈ સહીતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતા.તે સમયે બાતમી મળી હતી.કે ભારતીય અર્થતંત્રને નુકશાન થાય તે રીતે થરાદના ડુવા ગામે બનાવટી ચલણી નોટોની ગેરકાયદેસર હેરાફેરી કરવામાં આવી રહી છે. જેથી એસઓજી અને એલસીબી પોલીસની જુદી-જુદી ટીમો બનાવી થરાદ તાલુકાના ડુવા પાવડાસણ જતા રોડ ઉપર ગોગા મહારાજના મંદિર પાસે વોચ ગોઠવી હતી.અને તે સમયે આવી રહેલા શંકાસ્પદ બાઈક સવારને રોકાવી તેમની પાસેની કોલેજીયન બેગની તપાસ કરતા તેમાંથી બનાવટી નોટો મળી આવતા બાઈક ઉપર આવેલા પરબતસિંહ રાજપુત અને કિર્તીભાઈની અટકાયત કરી હતી.



# બનાસકાંઠાના આરોગ્ય વિભાગની આઉટ સોર્સિંગ એજન્સીના ટેન્ડરમાં વિવાદ

પાલનપુર

બનાસકાંઠાના આરોગ્ય વિભાગની આઉટસોર્સિંગ એજન્સીને લઈ કેમ પોર્ટલમાં ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે જોકે ટેન્ડરની શરતોને લઈ વિવાદ સર્જાયો છે.

ટેન્ડરીગ પ્રક્રિયામાં નિયત એજન્સીને જ કોન્ટ્રાકટ અપાય તેવી શરતો મુકાઈ હોવાની ફરિયાદો ઉઠતા ઉહાપોહ મચ્યો છે. જોકે આ મામલે ખુલીને બોલવા કોઈ એજન્સી તૈયાર નથી.

બનાસકાંઠા જિલ્લામાં આરોગ્ય શાખા દ્વારા વાર્ષિક ૨૧ કરોડ ઉપરાંતના પગારબીલની ચુકવણી થતી હોય છે તેના મેનપાવર આઉટસોર્સીંગ સર્વિસીસ અંગેનુ ચીસ પોર્ટલ ઉપર ટેન્ડર ડ્રાફટ પેરા મેડીકલ વહીવટી સ્ટાફ કલાસ-૪ના સ્ટાફ માટે બહાર પાડવામાં આવ્યું છે. જોકે ટેન્ડરમાં ફાઈનાન્સિયલ બીડની લાયકાત કોલમમાં એજન્સી,પેઢી કે પાર્ટીના ત્રણ વર્ષનુ મિનીમમ સરેરાશ ટર્ન ઓવર વાર્ષિક કોન્ટ્રાકટની રકમના ૫૦% થી વધુ હોવુ જોઈએ. તેવી શરત મૂકીને માત્ર એકજ નિયત એજન્સીને કોન્ટ્રાકટ ફાળવી દેવાના આશયથી આવી શરતનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોવાનું અન્ય એજન્સી સંચાલકો જણાવી રહ્યા છે. શુક્રવારે જિલ્લા પંચાયત બહાર એકઠા થયેલા કેટલાક એજન્સી સંચાલકોએ જણાવ્યું હતું કે અમે આ મામલે રાજ્ય સરકારનું લેખિતમાં ધ્યાન દોરીશું. આ પ્રક્રિયામાં ગેરરીતિ આચારાઈ જવાની શકયતા છે. જેને લઈ શરતોમાં ફેરબદલ કરવો જોઈએ."



## માઉન્ટઆબુમા રીંછનો બાળક પર હુમલો

હિલ સ્ટેશન માઉન્ટઆબુમા રીંછ અવારનવાર જંગલ વિસ્તારમાંથી વિસ્તારમાં આવી જાય છે શુક્રવારે બાર વર્ષના બાળક પર રીંછએ હુમલો કરી દીધો હતો. શુક્રવાર રાત્રીના સમયે એરફોર્સ સ્ટેશન માર્ગ પરથી પસાર થતા રીંછના અચાનક હુમલાથી બાળકને ગંભીર ઈજાઓ થઈ હતી. હુમલો કર્યા બાદ રીંછ જંગલમાં જતું રહ્યું હતું. જોકે મોઢાના ભાગે ઈજાઓ થતા ગંભીર હાલતમાં બાળકને માઉન્ટ આબુની ગ્લોબલ હોસ્પીટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં વન વિભાગના કર્મચારી પણ પહોચ્યા હતા.